# એલપીજી સિલિન્ડરની કિંમતમાં વધારો ન કરવા નિર્ણય



## તીવ્ર મોંઘવારી વચ્ચે સામાન્ય લોકો પર કોઈ બોજ નહીં ઝિંકાય

પટણા,તા.૧૩

કેન્દ્રીય પેટ્રોલિયમ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાને આજે સાફ શબ્દોમાં કહ્યું હતું કે, સ્થાનિક એલપીજી સિલિન્ડરની કિંમતમાં કોઈ વધારો કરવામાં આવશે નહીં. સાથે-સાથે સબ્સિડીવાળા સિલિન્ડરની સંખ્યા યથાવત રાખવામાં આવશે. ધર્મેન્દ્ર પ્રધાને આ મુજબની જાહેરાત કરીને તીવ્ર મોંઘવારીનો સામનો કરી રહેલા સામાન્ય લોકોને મોટી રાહત આપી દીધી છે. પત્રકારો સાથે વાતચીત કરતા પ્રધાને કહ્યું હતું કે, એલપીજી હાલમાં જે ભાવ ઉપર ઉપલબ્ધ છે તે ભાવ ઉપર જ મળતા રહેશે. વધારાનો કોઈ બોજ સામાન્ય લોકો ઉપર ઝીંકવામાં આવશે નહીં. સબ્સિડી અને સબ્સિડીવાળા સિલિન્ડરની સંખ્યા જે હાલમાં લોકોને મળી રહ્યા છે તે યથાવત રીતે જારી રહેશે. પેટ્રોલ અને ડીઝલની કિંમત અંગે પૂછવામાં આવતા તેમણે કહ્યું હતું કે, આ મોટા મુદ્દાઓ છે કેન્દ્ર સરકાર તેમના તરફ ધ્યાન આપી રહી છે. પેટ્રોલની કિંમત ૨૦૦૬ બાદથી અંકુશમુક્ત કરી દેવામાં આવી છે. માર્કેટ કિંમત વ્યવસ્થા ઉપર તેને જોડી દેવામાં આવી છે જ્યારે ડિઝલની કિંમતો હજુ પણ સબ્સિડી સાથે નિયંત્રણ હેઠળ છે. દેશમાં ગેસ અને તેલનું ઉત્પાદન વધારવાની તાકીદની જરૂર છે. પોલીસી એવી હોવી જોઈએ કે, સરકાર અથવા ખેડૂતને તથા ગરીબ લોકોને બોજ જેવું ન લાગે. પ્રધાન ઓઈલ અને ગેસની પરિસ્થિતિની સમીક્ષા કરવા માટે પહોંચ્યા હતા. તેમણે બિહારમાં ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશનના અધિકારીઓ સાથે વાતચીત કરી હતી. તેઓએ રાજ્યમાં એલપીજીના ઘટી ગયેલા ઉત્પાદનને લઈને ચિંતા વ્યક્ત કરી હતી. બિહારમાં એલપીજીની તંગી પ્રવર્તી રહી છે. હલ્દીયા અને જગદીશપુર વચ્ચે સુચિત ગેસ પાઈપલાઈનના સ્ટેટ્સ મુદ્દે પણ તેઓએ વાતચીત કરી હતી. મોનસુનમાં આ વખતે સામાન્ય કરતા ઓછો વરસાદ રહેવાની સંભાવના છે આવી સ્થિતિમાં મોંઘવારીમાં વધારો થઈ શકે છે. એલપીજી સિલિન્ડરમાં કોઈ વધારો નહીં કરવાનો નિર્ણય રાહત આપનાર છે.નવી સરકાર સત્તામાં આવ્યા બાદ સુધારાની દિશામાં ઝડપથી આગળ વધી રહી છે. એલપીજી સિલિન્ડરની કિંમતમાં વધારો ન કરવાનો નિર્ણય રાહત આપનાર છે.

# સરહદ ઉપર પાકિસ્તાનનો ગોળીબાર : જવાન શહીદ

જમ્મુ,તા. ૧૩

પાકિસ્તાની સેનિકોએ અંકુશ રેખા પર યુદ્ધવિરામનો ભંગનો સિલસિલો જારી રાખ્યો છે. આજે સવારે પણ પાકિસ્તાની સેનિકોએ જમ્મુ કાશ્મીરના રાજોરીના કેરી સેક્ટરમાં અંકુશ રેખા પર જોરદાર ગોળીબાર કર્યો હતો. જેમાં એક ભારતીય જવાન શહીદ થયો હતો. જ્યારે અન્ય ત્રણ જવાનને ઈજા થઈ હતી. આ બનાવના કારણે સરહદ પર તંગદીલી ફેલાઈ ગઈ હતી. પાકિસ્તાની સૈનિકો દ્વારા કરવામાં આવેલા ગોળીબાર બાદ ફરજ બજાવતા ભારતીય જવાનોએ પણ જવાબી કાર્યવાહી કરી હતી. ભારતના સંરક્ષણ પ્રધાન અરૂણ જેટલીની યાત્રાના એક દિવસ પહેલા પાકિસ્તાને યુદ્ધવિરામનો ભંગ કર્યો હતો. ગાજોરી અને પૂંછ સેક્ટરોમાં સવારે ગોળીબાર કરાયો હતો. અડધા કલાકથી વધુ સમય સુધી ગોળીબાર થયો હતો. પાકિસ્તાને હાલમાં ત્રાસવાદીઓને ભારતીય ક્ષેત્રમાં ઘુસાડવાની તેની યોજનાના ભાગરૂપે ફરી ગોળીબારનો સિલસિલો શરૂ કર્યો છે. પાકિસ્તાની સૈનિકો તરફથી મોર્ટારનો મારો ચલાવ્યા બાદ ભારતીય જવાનોએ જવાબી કાર્યવાહી કરી હતી. સામ સામે કેટલાક સમય સુધી ગોળીબાર ચાલ્યો હતો. પાકિસ્તાની સૈનિકોએ પુંચ જિલ્લાના બાલકોટ વિસ્તારમાં પણ ગોળીબાર કર્યો હતો. ટીવી અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે ગોળીબારનો દોર કલાકો સુધી ચાલ્યો હતો.

ગુરૂવારના દિવસે પણ પુંચ જિલ્લામાં અંકુશ રેખા ખાતે પ્રંચડ બ્લાસ્ટ થતા એક જવાનનુ મોત થયું હતુ અને પાંચ જવાનો ઘાયલ થયા હતા. જેમાં એક ઓફિસરનો સમાવેશ થાય છે. તાજેતરમાં પાકિસ્તાની સૈનિકો દ્વારા પરી એકવાર ત્રાસવાદીઓને ભારતામાં ઘુસાડવાના પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. જો કે તેમાં તેને કોઈ સફળતા મળી નથી. કારણ કે સરહદ પર ભારતીય જવાનો સાવધાન થયેલા છે. બીજી બાજુ કેન્દ્રમાં મોદી સરકાર આવ્યા બાદ હવે સરહદ પર ગોળીબારના બનાવોની ગંભીર નોંધ લઈને પગલા લે તેવી શક્યતા છે.પાકિસ્તાનના વડાપ્રધાન નવાઝ શરીફ હાલ ભારત આવ્યા હતા.

### આઠના મૃતદેહ મળ્યા છે

## વ્યાસ નદી હોનારતમાં વધુ તપાસ ટીમ સામેલ

મંડી,તા. ૧૩

હૈદરાબાદમાંથી એન્જિનીયરિંગના વિદ્યાર્થીઓના ગ્રુપને આવરી લેતી વ્યાસ નદી દુર્ઘટનાના મામલામાં તપાસ હજુ પણ ચાલી રહી છે. લાપતા થયેલા ૧૭ વિદ્યાર્થીઓને શોધવા માટેની પ્રક્રિયા ચાલી રહી છે. આજે પાંચમા દિવસે પણ આ કામગીરી યથાવત રીતે જારી રહી હતી. આજે શોધખોળની પ્રક્રિયામાં વધુ જવાનોને સામેલ કરવામાં આવ્યા હતા. હૈદરાબાદમાંથી ૧૫ વધુ નિષ્ણાંતોની ટુકળી પણ તપાસ કામગીરીમાં સામેલ થઈ ચુકી છે. તેલંગાણાના ગૃહપ્રધાન નૈની નરસિમ્હ રેડ્ડી પણ આ દુર્ઘટના થયા બાદ મંડી પહોંચ્યા છે. હજુ સુધી માત્ર ૮ વિદ્યાર્થીઓના મૃતદેહ હાથ લાગ્યા છે. વીએનઆર વિજ્ઞાનજ્યોતિ ઈન્સ્ટીટ્યુટ ઓફ એન્જિનીયરીંગ એન્ડ ટેકનોલોજીના ફેકલ્ટી સભ્યો અને ૬૦ જેટલા વિદ્યાર્થીઓ હાલ ફરવાના મૂડમાં હતા. ૨૫ સભ્યોની ટુકડી થાલોત નજીક લારજી હાઈડ્રોપાવર પ્રોજેક્ટના સરોવરથી એકાએક પાણી છોડવામાં આવ્યા બાદ તણાઈ ગયા હતા. હજુ સુધી આઠ લોકોના મૃતદેહ હાથ લાગી ચુક્યા છે. જુદી-જુદી સંસ્થાઓના ૫૫૦થી વધુ વર્કરો લાપતા વિદ્યાર્થીઓને શોધી કાઢવાની પ્રક્રિયામાં લાગેલા છે. ૨૦ કિલોમીટર લાંબા પટ્ટામાં વધારે શોધખોળ ચાલી રહેલ છે. થાલોતથી પંડોહ નદી વચ્ચેના પટ્ટામાં વધુ તપાસ ચાલી રહી છે.

# ભીલાઇ સ્ટીલ પ્લાન્ટમાં ગેસ લીક થતા છ લોકોના કરૂણ મોત

ભીલાઈ,તા. ૧૩

છત્તીસગઢના ભીલાઈ સ્ટીલ પ્લાન્ટમાં ગુરૂવારે મોડી રાત્રે વર્ષ ૧૯૮૪ની ભોપાલ ગેસ દુર્ઘટનાની વિનાશકતાની યાદ તાજી કરે તેવી ઘટના બની હતી. ભીલાઈ સ્ટીલ પ્લાન્ટમાં ધડાકા બાદ ગેસ લીકેજ થઈ જતા ઓછામાં ઓછા છ લોકોના મોત થયા છે અને અન્ય ૪૦થી વધારે લોકોને અસર થઈ છે. જે પૈકી કેટલાકની હાલત ગંભીર બનેલી છે.



સત્તાવાર અહેવાલ મુજબ ૧૨ની હાલત ગંભીર બનેલી છે. સદ્નસીબે મોટી ખુવારી ટળી જતા તંત્રને મોટી રાહત મળી હતી. સમગ્ર મામલામાં તપાસનો આદેશ આપી દેવામાં આવ્યો છે. ઝેરી ગેસ લીક થયા બાદ ભારે ભાગદોડ તંત્રમાં પણ મચી ગઈ હતી. પ્લાન્ટની અંદર એક પંપ હાઉસમાં મેન્ટિનેન્સ દરમિયાન પંપ ફાટી જવાના કારણે આ બનાવ બન્યો હતો. પંપ ફાટી જવાના કારણે તેની ઉપરથી જતી ગેસ પાઈપ લાઈન પણ ફાટી ગઈ હતી. જેના કારણે ઝેરી કાર્બન મોનોક્સાઈડ ગેસ લીકેજ થતા આ બનાવ બન્યો હતો,. પ્લાન્ટના પંપ નંબર બેમાં ગેસ લીકેજ થયો હતો. ગેસના સંકજામાં આવી જતા સ્ટીલ પ્લાન્ટ, સીઆઈએસએફ અને ફાયર બ્રિગેડના છ લોકોના મોત થયા હતા. જ્યારે ૩૪ લોકો ઘાયલ થયા હતા. મૃત્યુ પામેલાઓમાં ત્રણ અધિકારીઓનો સમાવેશ થયા છે.ઘાયલ થયેલા લોકોમાં પ્લાન્ટના એક ડીજીએમ સહિત ૧૨ લોકોની હાલત ગંભીર જણાવવામાં આવી છે.

# ફીફા વર્લ્ડ કપ-૨૦૧૪ની શાનદાર શરૂઆત

## લોપેઝ, ક્લાઉડીયાએ ઓલા ઓલા ગીત રજૂ : સમગ્ર વિશ્વમાં ફૂટબોલનો જાદુ છવાયો

સાઓ પાઉલો,તા.૧૩

જેની કરોડો ફુટબોલ ચાહકો ઉત્સુકતાપૂર્વક રાહ જોઈ રહ્યા હતા તે ફીફા વર્લ્ડ કપની રંગારંગ કાર્યક્રમ વચ્ચે આખરે શરૂઆત થઈ ગઈ છે. ફીફા વર્લ્ડ કપની શરૂઆત થયા બાદ અબજો લોકો ઝુમી ઉઠ્યા હતા. સાંબાની ધુન પર ઝુમતા ડાન્સરો, પિટબુલ અને જેનિફર લોપેજના આવાજે તમામને પોતાની તરફ આર્ષિત કર્યા હતા. ફુટબોલ ક્રેઝની વચ્ચે હવે એક મહિનાથી વધુ સમય સુધી રોમાંચક ફુટબોલ મેચો જોવા મળશે. ઉદ્‌ઘાટન સમારોહમાં સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ બાન કી મુન પણ પહોંચ્યા હતા. મુનનુ સ્વાગત બ્રાઝિલ ફુટબોલ મહાસંઘના અધ્યક્ષ ડેલ્મા રુસૈફ અને ફીફાના અધ્યક્ષ સૈપ બ્લેટરન દ્વારા કરવામાં આવ્યું હતુ. સ્ટાર અભિનેત્રી અને પોપસ્ટાર જેનિફર લોપેજ રંગારંગ કાર્યક્રમમાં છવાયેલી રહી હતી. કોરિથિયંસ



એરેના મેદાન પર રાત્રે ૧૧-૩૦ વાગે રંગારંગ કાર્યક્રમની શરૂઆત થઈ હતી. બ્રાઝિલની જેના માટે વિશ્વમાં ઓળખ છે તે તમામ બાબતો રજૂ કરવામાં આવી હતી. રંગ બિરંગી વસ્ત્રોમાં લોક ડાન્સર નજરે પડ્યા હતા. બ્રાઝિલની સંસ્કૃતિ પણ રજૂ કરવામાં આવી હતી. સમારોહમાં મેદાની વચ્ચોવચ્ચ મુકાવામાં આવેલા બોલે મુખ્ય આકર્ષણ જમાવ્યું હતુ. જેની આસપાસ રંગબિરેગી વસ્ત્રોમાં, ફુલોના અને વૃક્ષોના વસ્ત્રોમાં કલાકારો નજરે પડ્યા હતા. બ્રાઝિલની માર્શલ આર્ટસની કલા પણ રજૂ કરવામાં આવી હતી. બ્રાઝિલની જીવનશૈલીને રજૂ કરવા માટે જિમ્નાસ્ટિકની મદદ લેવામાં આવી હતી. મેદાનમાં પડેલા મોટા મોટા નગાડા પણ તમામનુ ધ્યાન ખેંચી રહ્યા હતા. કેટલાક લોકો નાની નાની નોકામાં ઉતર્યા હતા. સ્કુલી બાળકો પણ હાજર રહ્યા હતા. તમામ ૩૨ ટીમોની જર્સીમાં સ્કુલી બાળકો નજરે પડ્યા હતા. આખરે મેદાનની વચ્ચો વચ્ચ રહેલા રંગ બિરંગી એલઈડીમાંથી જાણીતા કલાકારો ઉતર્યા હતા. જેમાં પોપ સ્ટાર જેનિફર લોપેજ, પિટબુલ અને બ્રાઝિલની સ્ટાર ગાયિકા ક્લાઉડિયાનો સમાવેસ થાય છે. આ તમામે સાથે મળીને વિશ્વ કપના સત્તાવાર ગીત ઓલા ઓલા (વી આર વન ) ગીત રજૂ કર્યું હતુ. સ્ટાર ગાયિકા જેનિફર લોપેજ મુખ્ય આકર્ષણ બની હતી. ગઈકાલથી વર્લ્ડ કપની શરૂઆત થયા બાદ હવે એક મહિના સુધી ખરાખરીનો જંગ જુદી જુદી ટીમો વચ્ચે જામશે. ૧૩મી જુલાઈ સુધી બ્રાઝીલમાં યોજનાર ફીફા વર્લ્ડ કપને લઈને ફુટબોલ ક્રેઝ પહેલાથી જ ચરમસીમા પર છે. સૌથી રસપ્રદ બાબત એ છે કે બ્રાજિલમાં બીજી વખત વિશ્વ કપ ફુટબોલનુ આયોજન કરવામાં આવી રહ્યું છે. વર્ષ ૧૯૫૦માં પણ બ્રાઝિલમાં વિશ્વ કપનુ આયોજન કરવામાં આવ્યું હતુ. બ્રાઝિલને વર્ષ ૨૦૦૭માં યજમાન દેશ તરીકે જાહેર કરવામાં આવ્યા બાદથી જ બ્રાઝિલમાં ભારે ઉત્સુકતા હતી. ઈન્ટરનેશનલ ફુટબોલ ફેડરેશન ફીફા દ્વારા વર્ષ ૧૯૭૮ બાદથી પ્રથમ વખત દક્ષિણ અમેરિકામાં વિશ્વ કપ યોજવાની જાહેરાત કરી હતી. એકંદરે પાંચ વખત આનુ આયોજન અહીં કરવામાં આવી ચુક્યું છે. જુન ૨૦૧૧માં ક્વાલિફિકેશન સ્પર્ધા શરૂ થઈ હતી. જેમાં ૩૨ દેશોની રાષ્ટ્રીય ટીમો જોડાઈ હતી. વિશ્વ કપના ભાગરૂપે કુલ ૬૪ મેચો રમાનાર છે. આ ૬૪ મેચો બ્રાઝીલમાં ૧૨ જુદા જુદા શહેરોમાં રમાશે. ટુર્નામેન્ટની શરૂઆત ગ્રુપ સ્ટેજથી કરાશે. વિશ્વ કપના ઈતિહાસમાં પ્રથમ વખત મેચો ગોલ લાઈન ટેકનોલોજી મારફતે રમાશે ઈનામી રકમ પણ ખુબ મોટી રાખવામાં આવનાર છે. વિજેતા બનનાર ટીમને ૩૫ મિલિયન ડોલરની રકમ આપવામાં આવનાર છે. પ્રથમ રાઉન્ડમાં અથવા તો ગ્રુપ સ્ટેજમાં ૩૨ ટીમોને ચાર ટીમના આઠ ગ્રપુમાં છે.

### પ્રથમ મેચથી જ બ્રાઝિલની વિજય શરૂઆત

સાઓ પાઉલો,તા.૧૩

કાર્યક્રમો પૂર્ણ થયા બાદ મોડી રાત્રે ફીફા વર્લ્ડ કપની પ્રથમ મેચ રમાઈ હતી. જેમાં ધારણા પ્રમાણે બ્રાઝિલે જીત મેળવીને શાનદાર શરૂઆત કરી હતી. બ્રાઝિલ તરફતી આ મેચમાં બે ગોલ સ્ટાર ખેલાડી નેમારે કર્યા હતા. નેમારના ગોલના કારણે મેદાનમાં ઉપસ્થિત લાખો લોકો ઝુમી ઉઠ્યા હતા. નેમારે ૨૯ અને ૭૧મી મિનિટમાં પોતાની ટીમ માટે ગોલ કર્યા હતા. બ્રાઝિલે ક્રોએશિયા પર ૩-૧થી શાનદાર જીત મેળવી હતી. મેચમાં ક્રોએશિયા તરફથી કોઈ પણ ગોલ થયા ન હતા. છતાં ક્રોએશિયાના ખાતામાં એક ગોલ થતા બ્રાઝિલની છાવણીમાં નિરાશા ફેલાઈ ગઈ હતી. હકીકતમાં ક્રોએશિયાના ખાતામાં જે ગોલ રહ્યો તે પણ બ્રાઝિલના ખેલાડી માર્સેલોએ કર્યો હતો. મેચની શરૂઆતથી જ બ્રાઝિલના ખેલાડી છવાયેલા રહ્યા હતા. છટ્ઠી મિનિટમાં બ્રાઝિલને ફ્રી કીકની મદદ મળી હોવા છતાં તેનો ફાયદો થયો ન હતો. ૧૧મી મિનિટમાં બ્રાઝિલના ડિફેન્ડર માર્સેલોએ પોતાની જ ટીમના ગોલ પોસ્ટમાં બોલ નાંખી દીધો હતો. જેથી ક્રોએશિયાને એક શુન્યની લીડ મળી હતી. આ ગોલના કારણે બ્રાઝિલની છાવણીમાં સોંપો પડી ગયો હતો. બ્રાઝિલ તરફથી ૯૧મી મિનિટમાં મિડફીલ્ડર ઓસ્કારે ત્રીજો ગોલ કર્યો હતો.

# ત્રિપુરામાં મેલેરિયાનો રોગચાળો : ૨૦ મોત

અગરતલા,તા. ૧૩

ઉત્તરીય ત્રિપુરામાં મેલેરિયાના રોગચાળાથી ઓછામાં ઓછા ૨૦ લોકોના મોત થઈ ચુક્યા છે. ઉપરાંત ૪૦૦થી વધુ લોકોને માઠી અસર થઈ છે. ત્રિપુરાના આરોગ્ય પ્રધાન બાદલ ચૌધરીએ પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યું હતું કે, ૨૦ લોકોના મોત થઈ ચુક્યા છે અને ૪૦૦થી વધુ લોકો છેલ્લા એક સપ્તાહના ગાળામાં બિમાર થઈ ચુક્યા છે. તમામ બિમાર થયેલા લોકોને સરકારી હોસ્પિટલોમાં દાખલ કરવામાં આવ્યા છે. ત્રિપુરાના આરોગ્ય પ્રધાન બાદલ ચૌધરીએ પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યું છે કે, બિનસત્તાવાર રીતે મોતનો આંકડો ૩૦થી પણ ઉપર રહ્યો છે જ્યારે અસરગ્રસ્તોની સંખ્યા ૬૦૦થી પણ વધારે છે. બાળકો અને યુવાનો સહિત મોટી સંખ્યામાં લોકો મેલેરિયાના સકંજામાં આવી ગયા છે. મુખ્યમંત્રી માણેક સરકારે ઉચ્ચસ્તરીય બેઠક યોજી છે.

## સમાચાર ઝલક

- અમદાવાદમાં જગન્નાથ મંદિરે રથયાત્રાની તૈયારીઓ, જળયાત્રા દબદબાપૂર્વક નીકળી.
- પુના-બેંગ્લોર હાઇવે પર અકસ્માતમાં ૧૧નાં મોત.
- રાજયસભાનાં ૬ સંસદો સામે ખોટી એસ.ટી.સી. લેવા બાબતે કેસ દાખલ કરાયો.
- સુરત હાઇવે પર ૭ કરોડનું સોનું ઝડપાયું.
- વારાણસી-અયોધ્યામાં આતંકી હુમલાની દહેશત, સલામતી વ્યવસ્થા સઘન બનાવાઇ. સુરક્ષા દળો વધુ તૈનાત કરાયા.
- દ્વારકામાં દરિયો તોફાની બનતાં ભડેશ્વર મહાદેવને નુકશાન.
- ઇરાકમાં લશ્કરી કાર્યવાહીની ચીમકી ઉચ્ચારતા બરાક ઓબામા.
- મહારાષ્ટ્રમાં મરાઠી સમાજ માટે અનામતની જોગવાઇ કરાશે.
- પાકીસ્તાનમાં ભૂકંપના ભારે આંચકા.
- નવસારી-વલસાડ જિલ્લામાં દરિયા કિનારે આવેલા ગામોમાં સમુદ્રના પાણી પ્રવેશશે તેવી ચેતવણી.
- 'અમુલ બચાવો'બેનર તળે રામસિંહ ભાઇની આગેવાની હેઠળ આણંદમાં સભા યોજાઇ.
- ઇરાકમાં ગૃહયુદ્ધ જેવી પરિસ્થિતિ વચ્ચે, ક્રુડ ઓઇલનાં ભાવમાં વધારો.
- અમદાવાદમાં ટેક્ષી ચાલકો ભૂખ હડતાળ પર ટેક્ષી સ્ટેન્ડ પાછું લેવાતાં આંદોલન.
- ભારતીય ઇજનેરી ડિગ્રી અમેરિકામાં માન્ય ગણાશે : સ્મૃતિ ઇરાની.
- સૌરાષ્ટ્રમાં ધીમી ગતિએ મેઘરાજાની પધરામણી થવા પામી.
- જયપુરના ગૌરાંગભાઇએ યુપીએસસીની પરીક્ષામાં પ્રથમ નંબર મેળવ્યો.

### શબ્દ સેતુ (પાના નં. ૪ નું ચાલુ)

**શૂન્યતા**

શૂન્યતા ભરી છે મુજ હૃદયમાં
કળાતું નથી શું ગૂંચવાઇ છે મનમાં.
કંઇક કહેવા ખૂલે છે હોઠ પણ,
શબ્દો બની ફરિયાદી આવે છે મુખમાં
જઇ રહી છું હું શાંત ચિતે
પાછા ન વળાય એવા વિચારોનાં વૃંદાવનમાં
કોઇ કહેશે બદલાવ જોવા નથી મળતા
આ તપતી, ઠરતી, વરસતી મોસમમાં
છે કોઇએ આહલાદક અમૃત દીઠેલા ?
આ આગ ઝરતી ઝેરી દુનિયામાં
આ અઢી અક્ષરના પ્રેમની આડામાં
જાણે કેમ લોકો સંઘરે છે વેદના અંતરમાં
દોસ્તો કડવું લાગે તો માફ કરજો
આ તો એમજ વિચાર આવ્યો છે મનમાં

- ગુલાબ પટેલ

**છીએ અમે ગુજરાતી**


એક જ ડાળના પંખીઓ અમે સૌ,
છીએ અમે ગુજરાતી,
એક જ ડાળનાં પંખી,
વિહરીએ કદી આંભમાં ઊંચે,
ઉડી ઉડી કદી આવીએ નીચે,
કિલ્લો કરતાં રહેતા ઉમંગી,
સુખમાં દુઃખમાં સાથે જ રહીએ,
લડતા વઢતાં કદી જુદા ના થઇએ,
નિત નિરંતર રહેતા સંપી,
ગુર્જર ખોળે બાળ અમે તો,
કરીએ મીઠાં ગાન અમે સૌ,
જીવન કેરા પ્રવાસને પંથે,
એક જ ડાળનાં પંખીડા અમે સૌ,
છીએ અમે ગુજરાતી,
એક જ ડાળનાં પંખીડા અમે સૌ

- કાંતિભાઇ એમ. શર્મા

# મુંબઈ દરિયામાં ઉંચા મોજા સામે લોકોને ચેતવણી

મુંબઈ, તા.૧૩

મોનસુન પહેલા મુંબઈના દરિયામાં જોવા મળી રહેલી હિલચાલના પરિણામ સ્વરૂપે દરિયા કિનારે રહેતા લોકોના જીવ ઉંચા થઈ ગયા છે. મુંબઈમાં ગુરૂવારના દિવસે ઉંચા મોજા ઉછળ્યા બાદ આજે દરિયામાં ઉંચી લહેરો ઉઠી રહી હતી જેના લીધે ખતરો તોળાઈ રહ્યો છે. આગામી ચાર દિવસ દરમિયાન મોજા ઉછળવાનો ખતરો રહેલો છે. લોકોને દરિયા કિનારે ન જવાની સુચના આપવામાં આવી છે. ઉંચા મોજા સામે લોકોને ચેતવણી આપવામાં આવી છે. મ્યુનિસિપલ કોર્પોરેશન ઓફ ગ્રેટર મુંબઈએ દરિયાઈ મોજા માટે એલર્ટની જાહેરાત કરી છે અને કહ્યું છે કે, ૪.૫ મીટરથી ઉંચા મોજા ઉછળી શકે છે. પરિપત્રમાં જણાવવામાં આવ્યું છે કે, ૧૮મી જુન સુધી આવી



સ્થિતિ રહી શકે છે. દરિયા નજીક જવાથી લોકોને રોકવા માટે વ્યવસ્થા કરવામાં આવી છે.

આજે ગેટવે ઓફ ઈન્ડિયા નજીક ઉંચા મોજા ઉછળ્યા હતા જેથી નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા. ભારે ટ્રાફિક જામની સ્થિતિ જોવા મળી હતી. દક્ષિણ મુંબઈમાં સવારે ૧૦ વાગ્યાથી ૧૫ સુરક્ષા જવાનો તૈનાત કરી દેવામાં આવ્યા હતા. દરિયા નજીક જવાથી લોકોને રોકવામાં આવી રહ્યા છે. આ ઉપરાંત છ ટીમો મહાનગરમાં જુદા-જુદા વિસ્તારમાં તૈનાત કરી દેવામાં આવી છે. જેમાં ફાયરબ્રિગેડના જવાનો, નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સના સભ્યો સામેલ છે. ગિરગાંવ, દાદર, જુહુ, વરસોવા, અક્સાબીચ, ગોરાઈબીચ અને ચોપાટી બીચ ઉપર આ ટીમો ગોઠવી દેવામાં આવી છે. અહીં દરિયાઈ મોજા ઉછળવાની ચેતવણી આપવામાં આવી છે. સ્પેશ્યલ ડિઝાસ્ટર કંટ્રોલ વ્યવસ્થા પણ ગોઠવી દેવામાં આવી છે. શિવાજીપાર્ક વિસ્તારમાં પાણી ભરાઈ ગયા હતા.